# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

**તા.૧૨/૦૪/૨૦૨૧**

પ્રર્વતમાન કોરોના વાયરસની શહેરમાં પરિસ્થિતિ જોઈએ તો આ કોરોના વાયરસના નવા સ્ટ્રેઈનનો વ્યાપ દિન–પ્રતિદિન શહેરમાં વધી રહયો  છે. જે ગત દિવસના રોજ શહેરમાં કોરોના સંક્રમણનો આંક  ૧૦૦૦ ને પણ વટાવી ગયો છે. જે ગંભીર પરિસ્થિતિને જોતા વધુ કાળજી રાખવાની આવશ્યકતા છે. આ નવા સ્ટ્રેઈન ખૂબજ ચેપી અને ઘાતક  છે. તેની સામે બચવા માસ્ક અને વેકસીન જ એક માત્ર વિકલ્પ છે. જેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને કોરોના વાયરસ સામે બચવા માસ્ક પહેરવા,સામાજિક અંતર જાળવવા જેવી વિવિધ સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવવામાં આવે છે.  આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાથમિકતાના ધોરણે તબકકાવાઈસ શહેરીજનોને વેકસીન આપવામાં આવી રહેલ છે.  હાલમાં ૪૫ વર્ષથી વધુ વયના તમામ શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા વેકસીન આપવામાં આવી રહી છે.  કોરોના સામે સુરક્ષાકવચ સમાન આ વેકસીન થી હોસ્પિટલાઈઝેશનની શકયતા ઓછી થાય છે. જેથી યોગ્યતા મુજબના તમામ શહેરીજનોએ ઝડપથી વેકસીન મેળવી લેવી.

વધુમાં  શહેરની કોઈ  સંસ્થા કે વિવિધ સમાજના ૫૦૦ થી વધુ વ્યકિતઓ (૪૫ વર્ષથી વધુ વયના–ફ્રન્ટ લાઈન વર્કરો) વેકસીનેશન મુકાવવા માટે તૈયાર હોય તો સુરત મહાનગરપાલિકા સાથે   ઓન–સાઈટ વેકસીનેશનનું આયોજન કરવા માટે સુરત મહાનગરપાલિકાના **૬૩૫૯૯ ૦૯૯૨૬** નંબર પર  સંપર્ક કરવાનો રહેશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા આજદિન સુધી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આશરે કુલ ૭૧૩૧૪૮ વ્યકિતઓનું વેકસીનેશન કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૮૮, તા.૧૨/૦૪/૨૦૨૧**